શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૭૭૭-૮૮
Basic Health Check-up (જનરલ હેલ્થ ચેકઅપ)
Rs. 2000/- Rs. 700/-
જનરલ લોહી ચેકઅપ CBC (Hb, Tc, Dc, RBC, Indices RBC, Platelet Count, MP), ESR
યુરિન ચેકઅપ (Urine Test)
સુગર તપાસ (Diabetes Test) FBS, PPBS
કીડની તપાસ (Kidney Test) Creatinine
લીવર તપાસ (Liver-Hepatic Test) SGPT
કોલેસ્ટ્રોલ (ચરબી) તપાસ (Cholesterol)
સંધિવા તપાસ (Uric Acid)
થાઈરોઈડ તપાસ (Thyroid Test) TSH
છાતીની તપાસ (Chest X-Ray)
હૃદયની તપાસ (Cardiac Test) ECG
દાંતની તપાસ (Dental Checkups)
એમ.ડી. ડોક્ટર દ્વારા તપાસ (General M.D. Physician Check-up)
ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા ઉપલબ્ધ

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.

પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
ફી-સર્વ ફોર આયુર્વેદા
ઘૂંટણનો દુ:ખાવો
ઘૂંટણ ના ઘસારા
Osteoarthritis
DTRT
ઉપનાહ સ્વેદન
લેપન
વેદાગ્નિકર્મ
પંચકર્મ
EKLપંચકર્મ
પટ્ટબંધન
અગ્નિકર્મ
ક્ષારકર્મ
વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ સુદ ચૌદસ રવિવાર ૨૮ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૧૦

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

અમેરિકા-ઈરાનના ફરીથી સામસામા હુમલાઓ શરૂ

૧૯૪ વર્ષના કાચબા 'જોનાથન' વિશે જાણવા જેવું

બ્રિટિશ સામ્રાજ્ય અને ૩૯ યુએસ પ્રમુખોનો કાળ જોયા પછી પણ આજે તેની ગર્લફ્રેન્ડ છે

ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સ અનુસાર, જોનાથન પૃથ્વી પરનો સૌથી વધુ ઉંમર ધરાવતો જીવંત સ્થળચર જીવ છે. તે 'સેશેલ્સ જાયન્ટ ટોર્ટાઈઝ' (વિશાળકાય કાચબા) પ્રજાતિનો છે.

૧૫૧ ટાપુઓના દેશ સેશેલ્સમાં આશરે ૧૮૩૨માં જોનાથનનો જન્મ થયો હોવાનું માનવામાં આવે છે. ૧૮૮૨માં, તેને અન્ય ત્રણ વિશાળ કાચબાઓ સાથે દક્ષિણ એટલાન્ટિક મહાસાગરમાં આવેલા બ્રિટિશ પ્રદેશ સેન્ટ હેલેના ટાપુ પર મોકલવામાં આવ્યો હતો. ત્યારથી અત્યાર સુધીમાં સેન્ટ હેલેનાના ૩૧ ગવર્નર બદલાઈ ચૂક્યા છે, પરંતુ જોનાથન આજે પણ ત્યાંના ગવર્નર હાઉસ ('પ્લાન્ટેશન હાઉસ')ના લોન પર રાજ કરે છે. સ્થાનિક લોકો તેને વ્હાલથી 'જોનો' કહે છે. તેને ત્યાં રાષ્ટ્રીય પ્રતીકનો દરજ્જો મળ્યો છે અને તેનો ફોટો સેન્ટ હેલેનાના ૫ પેન્સના સિક્કા પર પણ છાપવામાં આવ્યો છે.જોનાથનનો જન્મ એન્ડ્રુ જેક્સન (૭મા યુએસ પ્રમુખ)ના પ્રથમ કાર્યકાળ દરમિયાન થયો હતો. તે અમેરિકન ગૃહયુદ્ધ (સિવિલ વોર), બે સદીઓનો વળાંક (૧૯મી અને ૨૦મી સદીનો અંત) અને વર્તમાન વહીવટીતંત્ર (સરકાર) સુધીના અકલ્પનીય એવા ૩૯ યુએસ પ્રમુખોના શાસનકાળમાંથી પસાર થઈને જીવતો રહ્યો છે. શું ખરેખર જોનાથનની ઉંમર ૧૯૪ વર્ષ છે?

જોનાથનની ઉંમરને લઈને બે મોટા દાવાઓ છે:

પ્રથમ અંદાજ (૧૯૪ વર્ષ): ૧૮૮૬ના એક ઐતિહાસિક ફોટોગ્રાફમાં જોનાથન સંપૂર્ણ વિકસિત (પુખ્ત) દેખાય છે. સામાન્ય રીતે આ કાચબાને પુખ્ત થવામાં ૫૦ વર્ષ લાગે છે. તેના આધારે ૨૦૧૫માં ત્યાંના પશુચિકિત્સક ડો. જો હોલિન્સે અંદાજ લગાવ્યો હતો કે તેનો જન્મ ૧૮૩૨માં થયો હશે, જે મુજબ ૨૦ Berry વર્ષ ૨૦૨૬માં તેની ઉંમર ૧૯૪ વર્ષ થાય છે. બીજો દાવો (૨૫૦ વર્ષ કરતાં વધુ): ૧૯૦૩ થી ૧૯૧૧ દરમિયાન સેન્ટ હેલેનાના ગવર્નર રહેલા હેનરી લિઓનલ ગેલ્વેએ ૧૯૪૧માં લખ્યું હતું કે ૧૭૩૬માં એક જહાજના કેપ્ટને તત્કાલીન ગવર્નરને બે કાચબા ભેટ આપ્યા હતા, જેમાંથી એક હજુ જીવતો હતો. જો આ જીવતો કાચબો જોનાથન જ હોય, તો તેની ઉંમર ૨૫૦ વર્ષથી વધુ હોઈ શકે છે! એવી પણ લોકવાયકા છે કે ૧૮૧૫માં વોટરલૂના યુદ્ધમાં હાર્યા બાદ નેપોલિયન બોનાપાર્ટને જ્યારે સેન્ટ હેલેનામાં કેદ કરાયો હતો, ત્યારે તે જોનાથનને મળ્યો હતો. જો કે, આ વાતની કોઈ સત્તાવાર પુષ્ટિ નથી થઈ.

વર્તમાન સ્થિતિ અને સંભાળ

૨૦૦૯માં જોનાથનની તબિયત ઘણી લથડી હતી, તે નબળો પડ્યો હતો અને જાતે ઘાસ ખાઈ શકતો ન હતો. ડૉ. જો હોલિન્સે તેને અઠવાડિયામાં એકવાર તાજા ફળો અને શાકભાજી આપવાનું શરૂ કર્યું, જેથી વિટામિન્સની ઉણપ દૂર થઈ અને તેની તબિયત સુધરી. હાલમાં જોનાથન મોતિયાબિંદને કારણે અંધ

...અનુસંધાન પાના 11 પર

સેશેલ્સમાં દુનિયાના સૌથી વૃદ્ધ કાચબાને મળ્યા પીએમ મોદી

સેશેલ્સ નેશનલ બોટનિકલ ગાર્ડનમાં પ્રધાનમંત્રીએ અલ્ડાબ્રા જાયન્ટ કાચબા નિહાળ્યા

નવી દિલ્હી, તા. 27 : વડા પ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસના પ્રવાસે સેશેલ્સ પહોંચ્યા છે. અહીં તેઓ રાષ્ટ્રીય દિવસની સુવર્ણ જયંતીની ઉજવણી સહિત અનેક કાર્યક્રમોમાં ભાગ લેશે. આ દરમિયાન શનિવારે વડા પ્રધાન મોદીએ સેશેલ્સ નેશનલ બોટનિકલ ગાર્ડનની મુલાકાત લીધી હતી. ત્યાં પીએમ મોદીએ પૃથ્વી પરની સૌથી મોટી અને સૌથી લાંબું આયુષ્ય ધરાવતી કાચબાની પ્રજાતિઓ જોઈ. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર માહિતી આપી હતી કે, તેમણે રાષ્ટ્રપતિ ડો. પેટ્રિક હર્મિની સાથે સેશેલ્સ નેશનલ બોટનિકલ ગાર્ડનમાં વિશાળ કાચબાઓના એન્ક્લોઝરની મુલાકાત લીધી હતી. અલ્ડાબ્રા જાયન્ટ ટોર્ટાઈઝ, જે સેશેલ્સની મૂળ રહેવાસી છે, પૃથ્વી પરની સૌથી મોટી અને સૌથી લાંબું આયુષ્ય ધરાવતી પ્રજાતિઓ પૈકીની એક છે. આમાંના કેટલાકે બે સદી કરતાં પણ વધુનો ઇતિહાસ જોયો છે. વડા પ્રધાન મોદીએ જણાવ્યું કે, અલ્ડાબ્રા જાયન્ટ ટોર્ટાઈઝનો ભારત અને સેશેલ્સ વચ્ચેની વિશેષ મિત્રતા સાથે પણ સંબંધ છે. 2014માં આમાંના બે કાચબા કોલકાતાના અલીપોર પ્રાણીસંગ્રહાલયને ભેટમાં આપવામાં આવ્યા હતા. પીએમ મોદી દુનિયાના સૌથી વધુ ઉંમર ધરાવતા જીવંત સ્થળચર જીવ 'જોનાથન'ને મળ્યા. ઉલ્લેખનીય છે કે, જોનાથન અલ્ડાબ્રા જાયન્ટ કાચબો છે. તેની ઉંમર આશરે 194 વર્ષ હોવાનું કહેવાય છે.

હોર્મુઝના અખાતમાંથી નવા માર્ગેથી પસાર થઇ રહેલા જહાજ પર ઇરાને ડ્રોન હુમલો કર્યો તે પછી અમેરિકાએ ઇરાન પર હુમલા કર્યા

ઇરાનના ડ્રોન, મિસાઇલ ઠેકાણાઓને નિશાન બનાવાયા, વળતા જવાબમાં ઇરાને બહેરીનમાં અમેરિકી થાણા પર હુમલો કર્યો

દુબઈ, તહેરાન, તા. ૨૭: ઈરાને હોર્મુઝની સામુદ્રધુનિમાં એક નવા માર્ગ પરથી પસાર થઈ રહેલા એક જહાજ પર ડ્રોન હુમલો કર્યો તેને યુદ્ધ વિરામ ભંગ ગણાવીને અમેરિકી લશ્કરે શુક્રવારે રાત્રે ઈરાનના વિવિધ ઠેકાણાઓ પર હુમલા કર્યા હતા, તેના જવાબમાં ઈરાને આજે અખાતમાંના અમેરિકી મથકો પર હુમલા કર્યા હતા.

અમેરિકાએ ઈરાનના ડ્રોન અને મિસાઈલ સ્થળો અને દરિયા કાંઠાના રેડારો પર હુમલા કર્યા હતા. લગભગ એક કલાક સુધી હુમલો ચાલ્યો હતો. તેના પછી ઈરાને બહેરીનને નિશાન બનાવી ડ્રોન હુમલો કર્યો, જ્યારે હોર્મુઝની સામુદ્રધુનીમાં એક જહાજ પર પણ અલગથી હુમલો થયો; આ સંભવતઃ અમેરિકા દ્વારા રાતોરાત કરવામાં આવેલા હવાઈ હુમલાઓનો તેહરાનનો જવાબ છે. પર્સિયન ગલ્ફમાં થયેલા આ હુમલાઓ દર્શાવે છે કે ઈરાન યુદ્ધ ફરી એકવાર કાબૂ બહાર જવાનું જોખમ ઊભું થયું છે, ભલે ઈરાન અને અમેરિકા વચ્ચે સંઘર્ષને સમાપ્ત કરવા માટે અંતિમ સમજૂતી પર પહોંચવા માટે વચગાળાની ડીલ થઈ ચૂકી હોય. ગુરુવારે સામુદ્રધુનીમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહેલા એક જહાજ પર ઈરાની ડ્રોન હુમલાના જવાબમાં અમેરિકાએ આ હવાઈ હુમલા કર્યા હતા, જેણે યુદ્ધમાં ચાલી રહેલી અસ્થિર યુદ્ધવિરામને હચમચાવી દીધો છે. અમેરિકી નૌકાદળની દેખરેખ હેઠળ એક આંતરરાષ્ટ્રીય જહાજી સંસ્થા હોર્મુઝના વિસ્તારમાંથી જહાજોને પસાર કરાવી રહી છે તે સંઘર્ષનું બિંદુ બની ગયું છે.

દરમિયાન, યુએસ નેવીની દેખરેખ હેઠળની એક બહુરાષ્ટ્રીય દરિયાઈ સંસ્થાએ શનિવારે જણાવ્યું હતું કે તે આવતા અને જતા બંને પ્રકારના ટ્રાફિકને મંજૂરી આપવા માટે હોર્મુઝની સામુદ્રધુનીમાં ઓમાન નજીકના એક રૂટનો વિસ્તાર કરશે - જે સંભવતઃ તેહરાન સાથે નવો વિવાદ પેદા કરી શકે છે. ઈરાને બહેરીનને નિશાન બનાવ્યું તે સંભવતઃ કોઈ સંયોગ નહોતો. બહેરીન ઈરાનના સૌથી કડક ટીકાકારોમાંનું એક રહ્યું છે અને તે યુએસ નેવીના ૫મા કાફલાનું મુખ્ય મથક છે. બહેરીનના વિદેશ મંત્રાલયના એક નિવેદનમાં જણાવાયું છે કે "કેટલાક ઈરાની ડ્રોન્સે" દેશને નિશાન બનાવ્યો હતો. તેણે આ હુમલાને "નાગરિકો અને રહેવાસીઓની સુરક્ષા માટે ઘોર ખતરો" ગણાવ્યો હતો. બીજી બાજુ, ઈરાનની અર્ધલશ્કરી રિવોલ્યુશનરી ગાર્ડે શનિવારે વહેલી સવારે સરકારી ઈરના(IRNA) ન્યૂઝ એજન્સી દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે પ્રદેશમાં "અમેરિકી આતંકવાદી સેનાના" કેટલાય સ્થળોને નિશાન બનાવ્યા છે.

જોકે, કયા વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હતા તેના નામ જાહેર કરાયા નથી. બીજી બાજુ, વાટાઘાટોમાં અમેરિકાની આગેવાની લેનાર ઉપપ્રમુખ જેડી ટ્રમ્પે જણાવ્યું હતું કે જો કોઈ વાંધો હોય તો ઈરાને ફોન કરવો જોઈએ, પણ હિંસાનો જવાબ હિંસાથી અપાશે. દરમ્યાન, હિઝબુલ્લાહે કહ્યું છે કે ઇઝરાયેલનું લશ્કર લેબેનોનમાંથી સંપૂર્ણ ખસી જાય. સંગઠનના વડા કાસિમ નઇમે કહ્યું છે કે એક એક ઇંચ જમીન લેબેનોનની ઇઝરાયેલી સૈનિકોએ ખાલી કરવી પડશે.

સામુદ્રધુનીનો રૂટ વિસ્તરતા ફરી સંઘર્ષ શરૂ થયો

દરમિયાન, બ્રિટિશ સૈન્યના યુનાઇટેડ કિંગડમ મેરિટાઇમ ટ્રેડ ઓપરેશન્સ સેન્ટરે જણાવ્યું હતું કે શનિવારે સામુદ્રધુનીમાં એક ટેન્કર પર હુમલો કરવામાં આવ્યો હતો, અને ઉમેર્યું હતું કે ક્રૂ (જહાજના કર્મચારીઓ) સુરક્ષિત છે અને પર્યાવરણને કોઈ નુકસાન થયાના અહેવાલ નથી. આ હુમલાની તાત્કાલિક કોઈએ જવાબદારી સ્વીકારી નથી, પરંતુ શંકાની સોય સીધી ઈરાન તરફ છે. જહાજ પર હુમલાના અહેવાલના તુરંત બાદ, યુએસ નેવીની દેખરેખ હેઠળના જોઇન્ટ મેરિટાઇમ ઇન્ફોર્મેશન સેન્ટરે જણાવ્યું હતું કે ઓમાનના કિનારા નજીકના રૂટનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે જેથી આવતા અને જતા બંને ટ્રાફિકને મંજૂરી મળી શકે. જ્યારે ઈરાને આગ્રહ રાખ્યો છે કે જહાજોએ તેના આદેશોનું પાલન કરવું જ પડશે અને તે સામુદ્રધુનીમાંથી પસાર થવા માટે ફી વસૂલવાનું શરૂ કરશે તેવી ચેતવણી આપી રહ્યું છે, અમેરિકા અને ગલ્ફ આરબ દેશોએ ઈરાનની માંગણીઓ ફગાવી દીધી છે.

ટ્રમ્પ આવતા વર્ષની શરૂઆતમાં ભારત આવે તેવી શક્યતા

અમેરિકી વિદેશ મંત્રીએ આપેલો સંકેત

બીજી ટર્મમાં ટ્રમ્પની ભારતની આ પહેલી મુલાકાત હશે

વૉશિંગ્ટન, તા. ૨૭: અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ શનિવારે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આગામી વર્ષની શરૂઆતમાં ભારતની મુલાકાત લે તેવી શક્યતા છે. તેમણે ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેના

...અનુસંધાન પાના 11 પર

ટ્રમ્પ અને મોદી વચ્ચે ઘણી સમાનતા છે: સર્જીયો ગોર

નવી દિલ્હી, તા. ૨૭: ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં તાજેતરમાં આવેલી ખટાશ છતાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની વ્યક્તિગત કેમિસ્ટ્રી આ સંબંધોનો મુખ્ય આધાર બની રહી છે, તેમ અમેરિકી રાજદૂત સર્જિયો ગોરે જણાવ્યું છે. ગોર, જેમણે ટ્રમ્પ સાથે ખૂબ નજીકથી કામ કર્યું છે અને તેમના સૌથી વિશ્વસનીય સહયોગીઓમાંથી એક તરીકે ઉભરી આવ્યા છે, તેમણે જણાવ્યું હતું કે બંને નેતાઓ વચ્ચે ઘણી સમાનતાઓ છે. IANSને આપેલા એક ખાસ ઈન્ટરવ્યુમાં ગોરે ભારપૂર્વક જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદી અને ટ્રમ્પ માત્ર એકસરખું વિચારે છે એટલું જ નહીં, પરંતુ બંનેને જાતે સક્રિય રહીને કામ કરવું પણ ખૂબ ગમે છે. ટ્રમ્પ દ્વારા ગયા વર્ષે લાદવામાં આવેલા ટેરિફના વિવાદો પછી ભારત-અમેરિકા સંબંધોમાં સકારાત્મક બદલાવ લાવવાનો શ્રેય જેમને આપવામાં આવે છે તેવા સર્જિયો ગોર

ભારત ખાતેના અમેરિકી રાજદૂતે કહ્યું કે બંને નેતાઓ વચ્ચેની કેમિસ્ટ્રી બંને દેશોના સંબંધોનો મુખ્ય આધાર બની રહી છે

...અનુસંધાન પાના 11 પર

પેપર લીક થવાને પગલે મહારાષ્ટ્રમાં આજની TET પરીક્ષા મોકૂફ

કેટલાક લોકો પાસેથી અસલી પ્રશ્નપત્રમાંના પ્રશ્નો મળી આવ્યા, ત્રણ જણાની ધરપકડ, સીટની રચના કરાઇ

ટીચર એલિજિબિલિટી ટેસ્ટની નવી તારીખ ટૂંક સમયમાં જાહેર કરાશે

પુણે/થાણે, તા. ૨૭(પીટીઆઈ): મહારાષ્ટ્રમાં રવિવારે યોજાનારી શિક્ષક પાત્રતા પરીક્ષા(TET) ૨૦૨૬ને મોકૂફ રાખવામાં આવી છે. થાણે જિલ્લાના ભિવંડી શહેરમાં પાડવામાં આવેલા એક દરોડા દરમિયાન કેટલાક લોકો પાસેથી અસલી પ્રશ્નપત્રને મળતા આવતા પ્રશ્નો મળી આવ્યા બાદ આ નિર્ણય લેવાયો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. આ મામલે ભિવંડી પોલીસે ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરી છે એમ તેમણે જણાવ્યું હતું.

મહારાષ્ટ્ર રાજ્ય પરીક્ષા પરિષદ(MSCE)એ એક નિવેદનમાં જણાવ્યું છે કે તે સંપૂર્ણ પારદર્શિતા સાથે પરીક્ષા યોજવા માટે કટિબદ્ધ છે. પરિષદે એક યાદીમાં જણાવ્યું હતું કે, પરિસ્થિતિની ગંભીરતા અને ઊંડાણપૂર્વકની તપાસની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, ૨૮ જૂન, ૨૦૨૬ ના રોજ યોજાનારી પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. થાણે જિલ્લા વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, શનિવારે વહેલી સવારે આ ગેરરીતિ

...અનુસંધાન પાના 11 પર

સરકાર પાર્ટીઓ તોડવામાં વ્યસ્ત છે: વિપક્ષના પ્રહારો

દરમ્યાન, આ પેપર લીક અંગે વિપક્ષે સરકાર અને શાસક ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે અને કહ્યું છે કે તેઓ રાજકીય પક્ષોને તોડવામાં વ્યસ્ત છે અને ઉપરા છાપરી પેપર લીક થઇ રહ્યા છે. મહારાષ્ટ્ર કોંગ્રેસના વડા હર્ષવર્ધન સપકાલે કહ્યું હતું કે એકનાથ શિંદેના ગઢ થાણેમાંથી પેપર લીક પકડાયું છે. આ લોકોને કોણ રાજકીય રક્ષણ આપી રહ્યું છે? શિવસેના(યુબીટી)ના યુવા નેતા આદિત્ય ઠાકરેએ સોશ્યલ મીડિયા પર કટાક્ષ કરતા લખ્યું હતું કે સરકારે પાર્ટીઓ તોડવાને બદલે આવી વાતો પર ધ્યાન આપવું જોઇએ. એનસીપી(શરદ)ના પ્રવક્તા અમોલ માટેલેએ કહ્યું હતું કે જો શિક્ષક ભરતી પરીક્ષાનું પેપર લીક થઇ શકે છે, તો પછી કોઇ પરીક્ષા સલામત નથી. દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપ્કે એ કહ્યું હતું કે ટેટ પેપર લીકે ફરી એકવાર સ્પર્ધાત્મક પરીક્ષાઓની વિશ્વસનિયતા જાળવવામાં સરકારની નિષ્ફળતા પુરવાર કરી છે.

અફઘાનિસ્તાનમાં ૬.૨નો ભૂકંપ: દિલ્હી, જમ્મુ-કાશ્મીરમાં પણ આંચકા લાગ્યા

ભારત, પાકિસ્તાન સહિત આઠ દેશોમાં આંચકા અનુભવાયા, જાનહાનિ કે નુકસાનના તરત કોઇ અહેવાલ નહીં

ઉદ્ગમબિંદુ હિન્દુકુશ પર્વતમાળાના વિસ્તારમાં ૨૧૫ કિમીની ઉંડાઇએ

ઉંડાઇ વધારે હોવાથી નુકસાનની શક્યતા ઓછી

નવી દિલ્હી, તા. ૨૭: શનિવારની સાંજે અફઘાનિસ્તાનના હિન્દુકુશ વિસ્તારમાં 6.2 ની પ્રારંભિક તીવ્રતાનો ભૂકંપ આવ્યો હોવાના અહેવાલ છે. ભૂકંપ પ્રારંભિક સિસ્મિક રિપોર્ટ્સ અનુસાર સાંજે 7:04 વાગ્યે (IST) 215 કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો, જેના આંચકા પાકિસ્તાન અને ઉત્તર-પશ્ચિમ ભારતના કેટલાક ભાગોમાં અનુભવાયા હતા. આ ઘટનામાં તાત્કાલિક કોઈ જાનહાનિ કે નુકસાનના અહેવાલ નથી. ભારતમાં ભૂકંપના આંચકા દિલ્હી-રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં લાગ્યા હતા.

ભૂકંપનું કેન્દ્રબિંદુ ઉત્તર-પૂર્વીય અફઘાનિસ્તાનના કાલાફગાનથી આશરે 81 કિલોમીટર દૂર આવેલું હતું. આ આંચકા અફઘાનિસ્તાન, પાકિસ્તાન, ભારત, ચીન, તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાન, કિર્ગિઝસ્તાન અને તુર્કમેનિસ્તાનમાં પણ નોંધાયા હતા.

ભૂકંપની વધુ ઊંડાઈને કારણે તેના આંચકા એક વિશાળ ભૌગોલિક વિસ્તારમાં અનુભવાયા હતા, જો કે સામાન્ય રીતે ઊંડા કેન્દ્રવાળા ભૂકંપો સપાટી પર મોટા પાયે નુકસાન પહોંચાડવાની સંભાવના ઓછી ધરાવે છે. ભારતમાં હરિયાણા અને ચંદીગઢમાં પણ આંચકા અનુભવાયા હતા અને ચંદીગઢમાં લોકો ઘરોમાંથી બહાર દોડી આવ્યા હોવાના પણ અહેવાલ છે. ભૂકંપ આવતાની સાથે જ પાકિસ્તાનના ઉત્તરી સ્વાત જિલ્લાના રહેવાસીઓ ગભરાટના માર્યા પોતાના ઘરોની બહાર દોડી આવ્યા હતા, ત્યાં પણ હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી. પાકિસ્તાનના ઇસ્લામાબાદ, લાહોર, રાવલપિંડી સહિત અનેક શહેરોમાં આંચકા અનુભવાયા હતા. સ્વાતના એક રહેવાસી દાનિયાલ અહેમદે રોઇટર્સને જણાવ્યું કે, અહીં સ્વાતમાં આંચકા ખૂબ જ તીવ્ર હતા અને તે લાંબા સમય સુધી અનુભવાયા હતા." તેમણે ઉમેર્યું કે આફ્ટરશોક્સના ડરથી લોકો બહાર એકઠા થઈ ગયા હતા

...અનુસંધાન પાના 11 પર

ભારત-પાકિસ્તાને ટ્રેક-૨ રાજદ્વારી મંત્રણાઓ શરૂ કરી છે?

નિવૃત અધિકારીઓ અને રાજકારણીનો સમાવેશ ધરાવતી આવી મંત્રણા હાલમાં કોલંબોમાં એક કાર્યક્રમ વખતે થઇ હોવાના અહેવાલ

જો કે કોલંબોના કાર્યક્રમમાં ગયેલા ભાજપના નેતા રામ માધવે આ અહેવાલો ખોટા ગણાવ્યા.

નવી દિલ્હી, તા. ૨૭: પહેલગામ હુમલા અને ઓપરેશન સિંદુર તથા તેના પછીની લડાઇ બાદ નવી દિલ્હી અને ઇસ્લામાબાદ વચ્ચેના પહેલાથી જ બગડેલા રાજદ્વારી સંબંધો વધુ વણસ્યા હતા. હાલમાં બંને દેશો વચ્ચે માત્ર મિલિટરી ઓપરેશન્સના ડાયરેક્ટર જનરલ (DGMOs) ની હોટલાઇન જ કાર્યરત છે. જો કે, હવે બંને દેશો વચ્ચે બેક્ચેનલ વાટાઘાટો થઇ હોવાના અહેવાલો સામે આવ્યા છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઇ સત્તાવાર 'ટ્રેક-૧' વાટાઘાટો થઇ નથી, પરંતુ અહેવાલો સૂચવે છે કે ૨૦૨૫ના અંતથી બંને દેશો વચ્ચે 'ટ્રેક-૨' સ્તરે લોકો વચ્ચેના સંપર્કો થયા હોઇ શકે છે. તાજેતરના અહેવાલો અને દાવાઓ વધુ રસપ્રદ છે. તેઓ સૂચવે છે કે બંને દેશોના ઉચ્ચ નિવૃત્ત સંરક્ષણ અધિકારીઓ અને સત્તાધારી પક્ષોની નજીકના કેટલાક લોકો શ્રીલંકાની રાજધાની કોલંબોમાં એક સુરક્ષા પરિષદની પૃષ્ઠભૂમિમાં મળ્યા છે. પાકિસ્તાની અખબારના એક અહેવાલમાં તો આ સપ્તાહે કોલંબોમાં થયેલી વાતચીતને 'ટ્રેક-૧.૫' ગણાવી છે, જે દર્શાવે છે કે નિવૃત્ત અધિકારીઓની હાજરીમાં સેવારત અધિકારીઓ પણ કોલંબોમાં મળ્યા હતા. સામાન્ય રીતે, 'ટ્રેક-૧' એટલે સરકાર-થી-સરકાર વચ્ચેની સત્તાવાર વાતચીત, જ્યારે 'ટ્રેક-૨' એ લોકો-થી-લોકો વચ્ચેના

...અનુસંધાન પાના 11 પર

તા. ૨૭-૦૬-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન
મહત્તમ ૩૫.૮° સે. | લઘુત્તમ ૨૬.૦° સે. | ભેજ ૪૬%